## ગ્રે માર્કેટની ખાટી મીઠી...

# Equitasના IPOના ધમાકેદાર લિસ્ટીંગને પગલે નવા બે IPOમાં ગ્રે માર્કેટમાં ધૂમ કામકાજ

# Thyrocareના IPOના પ્રિમિયમ અફરા-તફરી સાથે રૂ. ૨૨૫ ના લેવલથી તૂટીને ૧૯૦ ના સ્તરે

# Ujjivan ના IPOમાં પ્રિમિયમ ઉછળીને રૂ. ૬૦ થયા બાદ હાલમાં તુટીને ૩૫/૩૭ ના લેવલે

# સાકરબજારમાં આ બન્ને IPOના અરજી ફોર્મના ભાવો ઉપલા મથાળેથી તૂટ્યા

૨૧ માર્ચે Equitas Holdings ના IPOનું ૩૦ ટકા પ્રિમિયમે લિસ્ટીંગ થતાં આગામી સપ્તાહે પ્રાયમરીમાર્કેટમાં પ્રવેશી રહેલા Thyrocare તેમજ Ujjivan ના બે IPO માં રોકાણકારોનો રસ વધી રહ્યો છે. એટલું જ નહીં, હાલમાં પ્રિમિયમ તેમજ અરજી ફોર્મના ધૂમ કામકાજે ગ્રે માર્કેટમાં ભારે અફરા - તફરીનો માહોલ સર્જાયો છે.

**● Thyrocare** :- ગત સપ્તાહે Thyrocare ના IPO ના પ્રાઈસ બેન્ડની જાહેરાત થયા પહેલાં જ ગ્રે માર્કેટના ખેલાડીઓ સક્રિય બની ગયા હતા. પરિણામે રૂ. ૧૬૫ / ૧૭૦ ના ભાવેથી શરૂ થયેલ પ્રિમિયમ ભાવ ઉછળીને રૂ. ૨૨૫ ના લેવલે સ્પર્શી ગયા હતા. જો કે, ત્યારબાદ ઊંચા પ્રિમિયમે વેચવાલીના દબાણે ગ્રે માર્કેટમાં પ્રિમિયમભાવો ઘટીને રૂ. ૧૮૫/૧૯૦ ની ધારણા છે. આ સાથે ન્યુનત્તમ અરજી ફોર્મના ભાવ સાકરબજારમાં રૂ. ૧૨૦૦ થી ૧૨૫૦ ના બોલાયા હતા તે હાલમાં તુટીને ૯૭૦ થી ૧૦૦૦ બોલાયા છે.

**● Ujjivan Fin.** :- આ Micr Finance કંપનીના IPO ના પ્રિમિયમભાવ રૂ. ૪૪/૪૫ થી શરૂ થયા બાદ ઉછળીને રૂ. ૫૮/૬૦ ના લેવલે પહોંચ્યા બાદ હાલમાં તુટીને ૩૫/૩૭ ની આસપાસ પ્રવર્તે છે. આ સાથે સાકરબજારમાં એક તબક્કે ન્યુનત્તમ અરજી ફોર્મના ભાવ ૧૧૫૦ થી ૧૨૦૦ બોલાયા હતા પરંતુ હાલમાં આ વ્યાજના કોષ્ટકના ભાવ ઘટીને ૧૦૫૦ થી ૧૧૦૦ ની રેન્જમાં બોલાઈ રહ્યા છે.

એમ મનાય છે કે, આગામી દિવસોમાં આ બન્ને ઈસ્યુઓ ખુલશે તે પહેલાં મોટાપાયે ઉથલ - પાથલ બન્ને તરફી થઈ શકે છે.